सत्यमेव जयते

ગુજરાત સરકાર

# PROACTIVE DISCLOSURES

**(SECTION-4)**

# RIGHT TO INFORMATION ACT-2005

## માહિતિ મેળવવાના અધિકારનો અધિનિયમ-૨૦૦૫

# ગ્રામ શ્રમ આયુકતની કચેરી


*ડૉ. જીવરાજ મહેતા ભવન,*

*બ્લોક નં. – ૭, પહેલો માળ, ગાંધીનગર*

☎ : ૦૭૯-૨૩૨૫૩૩૭૫-૭૬

ફેક્સ : ૦૭૯-૨૩૨૬૪૪૬


મે – ૨૦૧૭

# સ્વયં જાહેર કરવાની માહિતિ- PROACTIVE DISCLOSURES

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના કાર્યો અને ફરજોની વિગતો. |
| ૨ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો. |
| ૩ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીમાં દેખરેખ અને જવાબદારીમાં માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ. |
| ૪ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના કાર્યો બજાવવા માટે તંત્રએ નકકી કરેલા ધોરણો. |
| ૫ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના કાર્યો બજાવવા માટે તંત્ર પાસેના અથવા તંત્રના નિયંત્રણ હેઠળના અથવા તંત્રના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો,સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ. |
| ૬ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક. |
| ૭ | નિતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિધમાન વ્યવસ્થાની વિગતો. |
| ૮ | નિતિ ઘડતરના ભાગ તરીકે અથવા સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક. |
| ૯ | ગ્રામ શ્રમ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા. |
| ૧૦ | વિનિમયોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહીત ગ્રામ શ્રમ આયુક્ત કચેરીના દરેક અધિકારી અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણાની વિગતો. |
| ૧૧ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરી હેઠળ પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર. |
| ૧૨ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરી હેઠળ ફાળવેલ રકમો સહીત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો. |
| ૧૩ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરી હેઠળ આપેલ છૂટછાટો, પરવાનગીઓ કે અધિકૃતિ મેળવનારાની વિગતો |
| ૧૪ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરી હેઠળ ઇલેકટ્રોનિકસ સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો. |
| ૧૫ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીમાં જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય સહીતની માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સુવિધાની વિગતો |
| ૧૬ | ગ્રામ શ્રમ આયુક્ત કચેરીમાં જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદા્ અને વિગતો |
| ૧૭ | અન્ય ઉપયોગી માહિતી. |

## (૧) ગ્રામ શ્રમ વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતો

તા. ૧૦/૬/૧૯૭૬ના રોજ વલસાડ જીલ્લાના નવસારી તાલુકાના (હાલ નવસારી જીલ્લો અલગ થયેલ છે) સાતેમ ગામે "કૃષિ શ્રમિકો" અને ''કૃષકો'' વચ્ચે લઘુત્તમ વેતન સંબંધી હિંસક અથડામણ થયેલ. આ બનાવની તપાસ કરવા માટે ગુજરાત સરકાર ધ્વારા તારીખ :૧૨/૮/૧૯૭૬ના રોજ એક કમિશન પંચની રચના કરવામાં આવેલ. આ સાતેમ કમિશનની ભલામણો અનુસાર કૃષિ વ્યવસાયમાં લઘુત્તમ વેતન અધિનિયમના અમલ માટે અલાયદું તંત્ર રાખવાનો સરકારશ્રી દ્વારા સ્વીકાર થતાં ગ્રામ શ્રમ આયુકતનું કાર્યાલય તારીખ ૨૯/૧૨/૧૯૮૦ થી કાર્યરત થયેલ છે.

## ગ્રામ શ્રમ આયુકત તંત્રનું વહીવટી માળખુ

**ગ્રામ શ્રમ આયુકત (ખાતાના વડા)**

**નાયબ ગ્રામ શ્રમ આયુકત (કચેરીના વડા)**

**મદદનીશ ગ્રામ શ્રમ આયુકત, ગાંધીનગર**

**વહીવટી શાખા(રાજ્ય કક્ષા)**

**લ.વે.ધા.શાખા (રાજ્ય કક્ષા)**

**હિસાબી અધિકારી**

**હિસાબી શાખા(રાજ્ય કક્ષા)**

**મદદનીશ ગ્રામ શ્રમ આયુકત, સુરત**

**સરકારી શ્રમ અધિકારી(ખેત), (તમામ)**

અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ, વડોદરા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર. છોટાઉદેપુર, બોટાદ, અરવલ્લી, મહીસાગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ.

**સરકારી શ્રમ અધિકારી(ખેત),**

સુરત, ભરૂચ, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, ડાંગ.

**(આ તમામ જિલ્લા કક્ષાની કચેરીઓ છે)**

તાલુકા કક્ષાની કચેરીઓ :-

મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓ - કુલ - ૧૧૪

# <u>ગ્રામ શ્રમ આયુકત તંત્રમાં મંજુર થયેલી જગ્યાઓ</u>

(As on August 2017 ended)

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ગ્રામ શ્રમ આયુકત (વર્ગ-૧) | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | નાયબ ગ્રામ શ્રમ આયુકત(વર્ગ-૧) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩ | મદદનીશ ગ્રામ શ્રમ આયુકત(વર્ગ-૧) | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૪ | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | સરકારી શ્રમ અધિકારી(ખેત) (વર્ગ-૨) | ૩૩ | ૦૮ | ૨૫ |
| ૬ | મદદનીશ સરકારી શ્રમ અધિકારી (વર્ગ-૩) | ૧૧૬ | ૪૭ | ૬૯ |
| ૭ | અધિક્ષક | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૮ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | નાયબ હિસાબનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૦ | ગુજરાતી સ્ટેનોગ્રાફર | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૧ | સિનિયર કારકુન | ૧૧ | ૦૫ | ૦૬ |
| ૧૨ | કલાર્ક-ટાઇપીસ્ટ | ૧૪૩ | ૭૮ | ૬૫ |
| ૧૩ | ડ્રાઇવર | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૧૪ | પટાવાળા/ફરાશ | ૧૧૮ | ૬૬ | ૫૨ |

શ્રમિકોને કામના કલાકો પ્રમાણે વેતન મળે અને માલિકો દ્વારા તેમનું આર્થિક શોષણ ન થાય તે માટે કાયદા હેઠળ મળવાપાત્ર રક્ષણ પુરું પાડીને તેઓનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થવા ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવે છે.

## <u>લધુત્તમ વેતન ધારો - ૧૯૪૮</u>

ખેત વ્યવસાયમાં રોકાયેલા શ્રમયોગીઓ માટેની આ ધારાની જોગવાઇઓનું પાલન કરાવવાની કામગીરી ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવે છે.

(૧) રાજયના કૃષિ શ્રમયોગીઓ માટે સરકારશ્રીના તા.૧૨-૦૮-૨૦૧૪ના જાહેરનામા અન્વયે લધુત્તમ વેતનના નીચે મુજબના દરો નકકી કરવામાં આવ્યા છે.

અ. કાયમી કૃષિ શ્રમયોગીને ચૂકવવાનો વાર્ષિક વેતન દર રૂ. ૫૪,૭૫૦/-

બ. દૈનિક - છૂટક કૃષિ શ્રમયોગીને ચૂકવવાનો દૈનિક વેતનનો દર રૂ. ૧૭૮/-

(૨) શેરડી કાપણીનાં શ્રમયોગીઓ માટે તા.૨૧-૦૧-૨૦૧૫ની અસરથી વેતનનો દર, ટનદીઠ રૂ.૨૩૮/-

(૩) આ રોજગારીઓ માટે ખાસ ભથ્થું જાહેર કરવામાં આવતું નથી.

(૪) મહિલા કૃષિ શ્રમયોગીને સમાન કામ માટે પુરુષ શ્રમયોગી જેટલાં જ દરે સમાન વેતન ચૂકવવાનું રહે છે.

(૫) કાયમી કૃષિ શ્રમયોગીને જો વર્ષના અમુક માસ દરમિયાન કામે રાખવામાં આવે તો, તેને વાર્ષિક વેતન દરનાં હિસાબે પ્રમાણસર વેતનની ચૂકવણી કરવાની રહે છે.

(૬) અંશઃકાલીન પાર્ટ ટાઇમ કૃષિ શ્રમયોગીને ૪ કલાક કે તેથી ઓછા સમય માટે લઘુત્તમ વેતનના ૫૦ ટકાના દરે અને ૪ કલાકથી વધુ સમયના કાર્ય માટે પુરા દરે વેતન ચૂકવવાપાત્ર રહે છે.

(૭) આ કાયદાનાં ભંગ બદલ દંડ અને શિક્ષા અથવા બંનેની જોગવાઇ કરવામાં આવી છે.

## ગ્રામ શ્રમ તંત્રને સોંપાયેલા અન્ય ૧૩ વ્યવસાયોમાં લ.વે.ધા. અન્વયેની માહિતી

સરકારશ્રીના તા.૦૭-૦૬-૨૦૦૧ના ઠરાવ અન્વયે, પંચાયત અધિનિયમ - ૧૯૯૩ હેઠળ નિયત થયેલ ગ્રામ પંચાયત વિસ્તારોમાં આવેલા નીચેના ૧૩ વ્યવસાયોમાં લઘુત્તમ વેતન ધારાના અમલીકરણની કામગીરી ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવી છે.

| ક્રમ | ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા વ્યવસાયો |
|---|---|
| ૧ | ઇંટ ઉત્પાદન |
| ૨ | રૂ લોઢવા અને ગાંસડીની કામગીરી |
| ૩ | પાતાળકુવાના શારકામની કામગીરી |
| ૪ | જંગલને લગતું કામકાજ |
| ૫ | ગ્રામ પંચાયત કચેરીનું કામકાજ |
| ૬ | પેટ્રોલ અને ડિઝલ પંપનો વ્યવસાય |
| ૭ | ચોખા-દાળ-લોટની મીલનો વ્યવસાય |
| ૮ | મીઠાના અગરનો વ્યવસાય (૧૦ એકર થી ઓછા વિસ્તારના અગરો) |
| ૯ | પથ્થર તોડવાનો વ્યવસાય |
| ૧૦ | ખાંડના કારખાનાની હદ બહારનો ખાંડ ઉધોગનો વ્યવસાય |
| ૧૧ | ચામડા પકવવાનો વ્યવસાય |
| ૧૨ | બીડી બનાવવાનો વ્યવસાય |
| ૧૩ | દુકાન અને વાણિજિયક સંસ્થાઓ |

ગ્રામીણ વિસ્તારના ઉકત વ્યવસાયોમાં લઘુત્તમ વેતન ધારા સંબંધી ફરીયાદો માટે જિલ્લાનાં સરકારી શ્રમ અધિકારી (ખેત) અથવા નજીકના તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીનો સંપર્ક કરવાનો રહે છે.

અસંગઠીત ગ્રામીણ શ્રમયોગીઓની નબળી આર્થિક સ્થિતિ તેમજ તેઓની એક જ માસિક સાથેની ટુંકા સમયગાળાની નોકરીને ધ્યાને લેતાં, લઘુત્તમ વેતનની ચુકવણીઓ અંગેની ફરીયાદોના કેસોમાં ગ્રામ શ્રમ તંત્ર દ્વારા સામાન્ય રીતે સમજાવટથી પુરા વેતનની ચુકવણીઓ કરાવવામાં આવે છે. જો કોર્ટ કેસો કરવામાં આવે તો તેના નિકાલમાં અસહ્ય વિલંબ અને સાક્ષીઓના પ્રશ્નો ઉભા થતાં હોઈ, અસંગઠીત ગ્રામીણ શ્રમયોગીઓને માલિકો સાથે સમજાવટથી વધુ ઝડપથી આર્થિક રક્ષણ પુરું પાડી શકાય છે.

## **અસંગઠિત શ્રમયોગીઓ માટે ગ્રામ શ્રમ તંત્રને સોંપેલા ૩ શ્રમ કાયદાઓ :**

ગ્રામ શ્રમ તંત્રને સોંપાયેલ વિસ્તારોમાં આવેલા ૧૩ ગ્રામીણ વ્યવસાયો તથા ખેતવ્યવસાયમાં નીચે દર્શાવેલા ૩ શ્રમ કાયદાઓના આંશિક અમલીકરણની જવાબદારી સરકારશ્રીના તા.૨૧/૦૭/૨૦૦૪ના જાહેરનામા અન્વયે ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવી છે.

**સમાન વેતન અધિનિયમ – ૧૯૭૬ :**

આ ધારા હેઠળ જિલ્લાના સરકારી શ્રમ અધિકારીઓને નિરીક્ષક તરીકે જાહેર કરવામાં આવેલા છે. તેઓ દ્વારા જે તે વ્યવસાયમાં સમાન કામગીરી માટે મહિલા અને પુરુષ શ્રમયોગીઓને સમાન દરે વેતન મળી રહે તેનો પ્રબંધ કરવામાં આવેલ છે.

**બાળ કામદાર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ – ૧૯૮૬ :**

આ ધારા હેઠળ ગ્રામ કક્ષાએ ખેત વ્યવસાય અને ૧૩ ગ્રામીણ વ્યવસાયો પૈકી જે વ્યવસાયોમાં – ખાસ કરીને ખેત વ્યવસાયમાં - બાળ શ્રમિકો ઉપર પ્રતિબંધ નથી પરંતુ, નિયમનની જોગવાઈઓ લાગુ પડે છે, તેમાં જરુરી નિરીક્ષણો કરીને મુખ્યત્વે –

- દિવસના વધુમાં વધુ છ કલાક ની નોકરી,
- ત્રણ કલાકની નોકરી પછી રીસેશ,
- નિયત રેકર્ડની નિભાવણી.... વિગેરે..

જોગવાઈઓનું પાલન કરાવવામાં આવે છે અને જે વ્યવસાયોમાં પ્રતિબંધક જોગવાઈઓ લાગુ પડે છે તેમાં, બાળ શ્રમિકોને રોજગારીથી દુર રાખવા માટેની જોગવાઈઓનું પાલન કરાવવા નિયમિત નિરીક્ષણો કરવામાં આવે છે.

રાજય સરકારશ્રીની એ નિતી રહી છે કે, કોઇપણ રોજગારીમાંથી બાળશ્રમિકોને દૂર રાખવા અને તેથી જ ખેત શ્રમ ક્ષેત્રે બાળશ્રમયોગીઓને નિયમનની જોગવાઇ લાગુ પડતી હોવા છતાં, જો કોઇ બાળ શ્રમિક ખેતીમાં શ્રમ કરતા જણાય તો તેઓને કામ ઉપરથી દૂર કરવા અંગે કાર્યવાહી કરવામાં આવે છે.

**આંતર રાજય સ્થળાંતરિત કામદાર (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ-૧૯૭૯:**

જ્યારે અન્ય રાજ્યના શ્રમિકો તેઓના મુળ રાજ્યમાં નોંધાયેલા ઠેકેદાર મારફત ગુજરાત રાજ્યમાં નોંધાયેલા માલિકના વ્યવસાયમાં રોજગારી માટે આવે છે ત્યારે, આ ધારાની જોગવાઈઓ હેઠળ તેઓની નોકરીની શરતો અને અન્ય જોગવાઈઓનું નિયમન કરવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારમાં આવેલી આગળ ઉપર જણાવેલી તેર- ૧૩ રોજગારીઓમાં આ ધારાની આંશિક જોગવાઈઓનું પાલન ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવે છે. જેમાં માલિકોએ કરાવવાની નોંધણી અને લાયસન્સ આપવાની મુખ્ય કામગીરી શ્રમ આયુક્ત તંત્રના મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા કરવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારની તેર-૧૩ રોજગારીઓમાં તથા ખેતવ્યવસાયની રોજગારીમાં જો કોઈ માલિકને ત્યાં આંતરરાજ્ય શ્રમિકો જણાય તો, માલિક અને ઠેકેદારની આ ધારા હેઠળ થયેલી નોંધણી અને લાયસન્સની ચકાસણી કર્યા બાદ, આ ધારાની જોગવાઈઓનો લાભ આપવા અંગેના નિરિક્ષણ અને ચકાસણીની કામગીરી ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવે છે. જો આ બાબતોમાં કોઈ ક્ષતિ જણાય તો તે માટે નિયત નિરીક્ષણ-તપાસ નોંધ માલિક અને ઠેકેદારને આપવામાં આવે છે.

આમ, ઉપર જણાવેલા ત્રણ કાયદાના પાલન માટે આગળ જણાવ્યા મુજબ નિરિક્ષણ દરમ્યાન જો કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન થતું જણાય તો તેની પુર્તતા માટે માલિકને બચાવ અને સુધારા માટે પુરતો સમય આપ્યા બાદ, જો ક્ષતિ ચાલુ રહે તો, માલિક સામે કોર્ટમાં ફોજદારી કેસો દાખલ કરવાની અને તે રીતે દંડ કરાવવાની કાર્યવાહીઓ કરવામાં આવે છે.

## <u>વેઠપ્રથા (નાબુદી) અધિનિયમ - ૧૯૭૬ નું અમલીકરણઃ-</u>

આ અધિનિયમના પાલનની જવાબદારી જે તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને કલેકટરશ્રીને કાયદાનુસાર સોંપવામાં આવી છે.

આ અધિનિયમની જોગવાઈ મુજબ;

- માલિકે ધીરેલાં નાણાં, લેણા, વ્યાજ કે કોઈ બદલાનાં લાભો ભરપાઇ ના થાય ત્યાં સુધી,
- જો કોઇ પણ કૃષિ શ્રમયોગી કે અન્ય શ્રમિક/ચાકર પાસેથી,
- માલિક ધ્વારા શ્રમિકને તેની મરજી વિરૂધ્ધ, બળજબરીથી કામે રાકી રાખવામાં આવે,
- શ્રમિકને લધુત્તમ વેતન દર કરતાં ઓછાં દરે વેતન ચૂકવામાં આવે અથવા વગર વેતને કામ કરાવવામાં આવે,
- શ્રમિકને માલિક પસંદ કરવાની છુટ ના હોય કે તેની સ્વતંત્ર હેરફેર ઉપર પ્રતિબંધ હોય,
- ત્યારે, તે શ્રમયોગી 'વેઠીયો' ગણાય છે.

આ અધિનિયમ હેઠળ કોઈ ચોકકસ ઈન્સ્પેક્ટર- નિરીક્ષકો જાહેર કરવામાં આવેલા નથી, પરંતુ આવા વેઠીયા શ્રમયોગીની તપાસની જવાબદારી જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી તેઓને યોગ્ય લાગે તે અધિકારીને સોંપવામાં આવે છે. આવી તપાસનાં અંતે જરૂર જણાય ત્યારે, કલમ- ૨૧ હેઠળ કેસ ચલાવવાની કામગીરી પ્રાંત અધિકારી અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટને સોંપીને સમગ્ર તપાસને અંતે આ ધારા હેઠળ વેઠિયા તરીકે સાબિત થયેલા શ્રમયોગીને 'વેઠીયો' તરીકે જાહેર કરવાની અને તેને

“રીલીઝ સર્ટીફિકેટ” ઈસ્યુ કરવાની કામગીરી સબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટરશ્રી દ્વારા કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં આ અધિનિયમના પાલનની રાજ્ય કક્ષાની જવાબદારી શ્રમ અને રોજગાર વિભાગને સોંપવામાં આવેલી છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ ધારાના અમલીકરણ માટે કલમ-૧૦ હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને સત્તા સોંપવાના તથા પ્રાંત અધિકારી અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટને કલમ- ૨૧ હેઠળ કેસો ચલાવવાની સત્તા સોંપતા જાહેરનામા અનુક્રમે ૧૯૭૬ અને ૧૯૮૬ માં પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

આ કાયદા હેઠળ વેઠિયા મજુરોની તપાસ કરવાની અને જિલ્લા કક્ષાએ તેની દેખરેખ રાખવાની કામગીરી માટે કાયદાની  કલમ– ૧૩ હેઠળ જિલ્લા અને પ્રાંત કક્ષાની તકેદારી સમિતિઓની રચના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૮.૦૩.૧૯૮૩ના ઠરાવ તા. ૨૧/૦૮/૨૦૧૫ના સંકલિત ઠરાવની જોગવાઈઓ મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટના અધ્યક્ષ સ્થાને કરવામાં આવે છે. આ સમિતિઓમાં જિલ્લાના સરકારી શ્રમ અધિકારી (ખેત), સભ્ય સચિવ તરીકે કામગીરી બજાવે છે.

આ અધિનિયમ હેઠળ ગુજરાત રાજયમાં તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાની વેઠપ્રથા તકેદારી સમિતિઓ અને રાજયના પ્રાંતમાં સબ-ડીવીઝનલ કક્ષાની વેઠપ્રથા તકેદારી સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિઓની બેઠકો નિયમિતરૂપે કાયદાની જોગવાઇ મુજબ વર્ષમાં ૨ વખત ફરજીયાત રીતે બોલાવવાની રહે છે. આ સમિતિની બેઠકમાં જે તે વિસ્તારની વેઠપ્રથા સંબંધી ફરીયાદો અને રજુઆતોની ચર્ચા વિચારણા કરી યોગ્ય ભલામણો કરવામાં આવે છે અને પોતાના કાર્ય વિસ્તારમાં વેઠીયા શ્રમિકોની તપાસ માટે સ્થળ મુલાકાત કરવાની કામગીરી કરવામાં આવે છે.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ‘વેઠીયા’ તરીકે જાહેર થયેલા શ્રમયોગીની આ કાયદા હેઠળ પુનઃસ્થાપનાની કામગીરી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ગ્રામ શ્રમ આયુકતશ્રીની કચેરીને સોંપી છે. ગ્રામ શ્રમ તંત્ર દ્વારા ભારત સરકારની વર્ષ-૨૦૦૦ની માર્ગદર્શિકા મુજબ પુનઃસ્થાપનાની કામગીરી કરવામાં આવે છે.

ગુજરાત રાજયમાં ૧૯૮૭ ના વર્ષ પછી કોઇ પણ વેઠીયો શ્રમિક મળી આવેલ નથી. વેઠપ્રથા નાબૂદી અંગેની તકેદારીના ભાગરૂપે ગ્રામ શ્રમ તંત્રના અધિકારીઓ જયારે ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ શ્રમ કાયદાઓના અમલીકરણ માટે નિરીક્ષણ કરવા જાય છે ત્યારે, સાથે સાથે વેઠપ્રથા નાબૂદી અધિનિયમ-૧૯૭૬ હેઠળ ગામમાં વેઠપ્રથા અમલમાં છે કે કેમ ? તેની ચકાસણી પણ કરે છે.

કેટલાંક આવા કેસોમાં વેઠપ્રથાના પુરતા પુરાવાઓ ના મળ્યા હોવા છતાં, સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં જણાવ્યા મુજબ માત્ર એડવાન્સની ચુકવણીને ધ્યાને લઈને વેઠપ્રથાની ધારણા કરીને કેટલાક શ્રમિકોને “ડિમ્ડ બોન્ડેડ લેબર” જાહેર કરવામાં આવ્યા છે.

રાજ્યના કોઈ પણ ભાગમાં વેઠપ્રથા અસ્તિત્વમાં ના આવે તે માટે તંત્ર દ્વારા પુરતી કાળજી રાખવાની સાથે સાથે તેની સતત ચકાસણીઓ કરવામાં આવે છે.

## (૨) ગ્રામ શ્રમ વ્યવસ્થાતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો :-

(૨.૧) ગ્રામ શ્રમ વ્યવસ્થા તંત્રના અધિકારીઓ અને તેમની ફરજોનો વિસ્તાર.

| ક્રમ | હોદ્દો | ફરજનો વિસ્તાર |
|---|---|---|
| ૧ | **ગ્રામ શ્રમ આયુકત, ગુજરાત રાજય, ગાંધીનગર.** | સમગ્ર ગુજરાત રાજય. |
| ૨ | **નાયબ ગ્રામ શ્રમ આયુકત, ગુજરાત રાજય,ગાંધીનગર** | સમગ્ર ગુજરાત રાજય. |
| ૩ | **મદદનીશ ગ્રામ શ્રમ આયુકત, ગાંધીનગર.** | વડી કચેરીમાં વહીવટી અધિકારીની ફરજ.<br>- સમગ્ર ગુજરાત રાજય |
| ૪ | **મદદનીશ ગ્રામ શ્રમ આયુકત, સુરત** | દક્ષિણ ગુજરાતમાં આવેલી તમામ જીલ્લા કચેરીઓ. |
| ૫ | **સરકારી શ્રમ અધિકારી(ખેત), અમદાવાદ/ગાંધીનગર** | સમગ્ર ગુજરાત રાજય. |
| ૬ | **સરકારી શ્રમ અધિકારી(ખેત)** | નિયુકિતનો જીલ્લો. |
| ૭ | **મદદનીશ સરકારી શ્રમ અધિકારી** | નિયુકિતનો તાલુકો અને હવાલાનો તાલુકા. |

(૨) સત્તાઓઃ-

સરકારી શ્રમ અધિકારી(ખેત) ખેત વ્યવસાયમાં તથા ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવેલ નીચે જણાવેલ અન્ય ૧૩ વ્યવસાયોમાં ગ્રામ પંચાયત વિસ્તારમાં નીચે જણાવેલ અધિનિયમ હેઠળ નિરીક્ષક તરીકેની સત્તાઓ આપવામાં આવેલ છે.

અ. લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ અને ગુજરાત લઘુત્તમ વેતન નિયમો, ૧૯૬૧

બ. બાળશ્રમિક (પ્રતિબંધ અને નિયમન) ધારા, ૧૯૮૬ અને તે હેઠળના નિયમો

ક. આંતર રાજય સ્થળાંતરીત કામદાર (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૭૯ અને તે હેઠળના નિયમો

ડ. સમાન વેતન ધારા, ૧૯૭૬ અને તે હેઠળના નિયમો.

મદદનીશ સરકારી શ્રમ અધિકારી, ખેત વ્યવસાયમાં તથા ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવેલ નીચે જણાવેલ અન્ય ૧૩ વ્યવસાયોમાં ગ્રામ પંચાયત વિસ્તારમાં નીચે જણાવેલ અધિનિયમ હેઠળ નિરીક્ષક તરીકેની સત્તાઓ આપવામાં આવેલ છે.

અ. લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ અને ગુજરાત લઘુત્તમ વેતન નિયમો, ૧૯૬૧

બ. બાળશ્રમિક (પ્રતિબંધ અને નિયમન) ધારા, ૧૯૮૬ અને તે હેઠળના નિયમો

ક. આંતર રાજય સ્થળાંતરીત કામદાર (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૭૯ અને તે હેઠળના નિયમો

સરકારશ્રીના તા.૦૭-૦૬-૨૦૦૧ના ઠરાવ અન્વયે, પંચાયત અધિનિયમ - ૧૯૯૩ હેઠળ નિયત થયેલ ગ્રામ પંચાયત વિસ્તારોમાં આવેલા નીચેના ૧૩ વ્યવસાયોમાં લધુત્તમ વેતન ધારાના અમલીકરણની કામગીરી ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવી છે.

આ ૧૩ વ્યવસાયોમાં લધુત્તમ વેતનના દર નીચે મુજબ છે.

| અ.નં. | અનુસૂચિત રોજગારી | અમલવારીની તારીખ | નકકી થયેલ લધુત્તમ વેતન દર | નોંધ. |
|---|---|---|---|---|
| ૧ | કોટન જીનીંગ અને પ્રસીંગ ઉત્પાદનનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | ઝોન-૨<br>કુશળ- રૂ. ૨૮૪-૦૦<br>અર્ધકુશળ રૂ. ૨૭૬-૦૦<br>બિનકુશળ રૂ. ૨૬૮-૦૦ | ઝોન-૧ ગ્રામ શ્રમ આયુકત તંત્રના કાર્યક્ષેત્રમાં આવતું નથી. |
| ૨ | સારકામ અને પાતાળ કૂવામાંનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૩ | ફોરેસ્ટ્રી અને ટીમ્બર ઓપરેશનનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૪ | ગ્રામ પંચાયતમાંનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૫ | પેટ્રોલ અને ડીઝલ પંપનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૬ | ચોખા, દાળ અને લોટ મીલનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૭ | પથ્થર તોડવાનો તથા કશ કરવાનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૮ | ચામડા પકવવામાંનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |
| ૯ | દુકાન અને વાણિજય સંસ્થાઓમાંનો રોજગાર | તા. ૨૬/૧૨/૨૦૧૪ થી | | |

આ લધુત્તમ વેતનના દર ઉપરાંત, રાજયની શ્રમ આયુકત કચેરી દ્વારા દર ૬ મહિને જાહેર કરવામાં આવતા દરે ‘ દૈનિક ભથ્થુ ’ શ્રમયોગીઓને ચૂકવવાપાત્ર રહે છે. હાલમાં છેલ્લે તારીખ ૦૧-૧૦-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ ના સમયગાળા માટે જાહેર કરવામાં આવેલા ‘ ખાસ ભથ્થા ’ નો રૂ. ૨૯.૬૦ નો દર ધ્યાને લેવાનો રહે છે.

**ગ્રામ શ્રમ તંત્રને સોંપવામાં આવેલ ૧૩ વ્યવસાયો પૈકી નીચે જણાવેલ ચાર વ્યવસાયોના સુધારેલ લધુત્તમ વેતન દર નકકી થયેલ નથી જેથી જુના લધુત્તમ વેતન દર મુજબ અમલવારી કરવાની રહે છે.**

| અ.નં. | અનુસૂચિત રોજગારી | અમલવારીની તારીખ | નકકી થયેલ લધુત્તમ વેતન દર |
|---|---|---|---|
| ૧ | ઇંટ ઉત્પાદન | તા.૧૧-૨-૦૯થી અમલમાં | રૂ.૧૧૯.૨૦ થી ૧૫૪.૫૦ (૧૦૦૦ ઇંટોના) |
| ૨ | મીઠાના અગરનો વ્યવસાય | તા.૧૧-૨-૦૯થી અમલમાં | રૂ. ૧૪૦.૬૦થી ૧૪૩.૫૦ |
| ૩ | ખાંડના કારખાનાની હદ બહારનો ખાંડ ઉધોગનો વ્યવસાય | તા.૧૧-૨-૦૯થી અમલમાં | રૂ. ૧૩૫.૧૦થી ૧૩૯.૧૦ |
| ૪ | બીડી બનાવવાનો વ્યવસાય | તા.૧૧-૨-૦૯થી અમલમાં | રૂ. ૧૩૧.૬૦થી ૧૩૨.૫૦ |

આ લધુત્તમ વેતનના દર ઉપરાંત, રાજયની શ્રમ આયુકત કચેરી દ્વારા દર ૬ મહિને જાહેર કરવામાં આવતા દરે ‘ ખાસ ભથ્થુ ’ શ્રમયોગીઓને ચૂકવવાપાત્ર રહે છે. હાલમાં છેલ્લે તારીખ ૦૧-૧૦-૨૦૧૫ થી તા.૩૧-૦૩-૨૦૧૬ ના સમયગાળા માટે જાહેર કરવામાં આવેલા ‘ ખાસ ભથ્થા ’ નો રૂ. ૯૭.૮૦ નો દર ધ્યાને લેવાનો રહે છે.

(3) **ફરજો:-**

ઉપરોકત જણાવેલ વિસ્તારમાં આવેલા વર્ણવ્યા પ્રમાણેના વ્યવસાયોમાં શ્રમિક કાયદાઓના ઘનિષ્ટ અમલીકરણ તથા અમલ ન કરનાર સામે કાનૂની કાર્યવાહી કરવાની ફરજો.

## (૩) <u>દેખરેખ અને જવાબદારીમાં માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ :-</u>

<u>ગ્રામ શ્રમ આયુકત કક્ષાએ નિર્ણય કરવોઃ</u>-

- વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓની પરચુરણ, મેડીકલ અને પ્રાપ્ત રજા મંજુર કરવા બાબતે
- વર્ગ-૧ના અધિકારીઓની પેશગીઓ, સામાન્ય ભવિષ્ય નિધિમાંથી અંશતઃ આખરી ઉપાડ અને પેશગી મંજુર કરવાની બાબત.
- રાજયપત્રિત અધિકારીઓની જન્મ તારીખમાં ફેરફારને લગતી બાબત.
- રાજયપત્રિત અધિકારીઓની રજુઆત વિભાગમાં મોકલવાની દરખાસ્તો.
- રાજયપત્રિત અધિકારીઓની બદલી થયેથી રીલીવ કરવાની કામગીરી
- રાજયપત્રિત અધિકારીઓને લગતી શિસ્ત વિષયક બાબત તથા શિક્ષાને લગતી બાબતે વિભાગને દરખાસ્ત કરવાની કામગીરી
- વર્ગ-૨ના અધિકારીઓની ૫૦-૫૫ વર્ષની વય પછી નોકરીમાં ચાલુ રાખવાની દરખાસ્તો વિભાગને મોકલવાની કામગીરી
- વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓની બદલી બાબત.
- વર્ગ-૨ના અધિકારીઓની સ્વવિનંતીની બદલીની અરજીઓ વિભાગને મોકલવાની કામગીરી
- વર્ગ-૧ અને ૨ના અધિકારીઓના ખાનગી અહેવાલને લગતી બાબતો
- વિધાનસભા પ્રશ્નોને લગતી બાબત
- કર્મચારી/અધિકારીઓનીજૂથ વિમા યોજનાના બચત ફંડના નાણાંની ચુકવણી બાબત.
- વર્ગ-૨ અને ૩ના રજા પ્રવાસ રાહતને મંજુરીની કામગીરી
- કુટુંબ નિયોજન માટે પ્રોત્સાહન રૂપે ઇજાફો મંજુર કરવા અંગે.
- રાજય પત્રિત અધિકારીઓના પગાર નકકી કરવાની બાબતો.
- પેન્શન કેસોમાં પ્રતિસહી કરવાની કામગીરી.
- નિવૃત્ત થતા કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં નમૂના ૬ અને ૭ આપવા બાબતે.
- નિવૃત્ત થતા કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં ફોર્મ-૨૨ આપવાની કામગીરી.
- ગ્રામ શ્રમ તંત્ર હેઠળના તમામ કાયદાઓની જોગવાઇઓના અર્થઘટન અંગેની બાબતો.

<u>નાયબ ગ્રામ શ્રમ આયુકત કક્ષાએ નિર્ણય કરવોઃ</u>-

- ગ્રામ શ્રમ આયુકત કચેરીના કચેરીના વડા તરીકેની તમામ કામગીરીઓ.
- શ્રમ કાયદા હેઠળ મળેલ ફરીયાદોના નિકાલની કામગીરી.
- ગ્રામ શ્રમ તંત્ર હેઠળ શ્રમ કાયદાઓ હેઠળ થયેલ કામગીરીઓની આંકડાકીય માહિતી વિભાગને તથા શ્રમ આયુકતશ્રીને મોકલવાની કામગીરી.
- વર્ગ-૩ અને ૪ના સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી અને અંશતઃ આખરી ઉપાડ કરવાની મંજૂરી બાબતે.
- અંદાજપત્ર અને આયોજનની કામગીરી.

- જીલ્લા કચેરીઓના અધિકારીઓના પ્રવાસ ભથ્થા બીલમાં કન્ટ્રોલીંગ અધિકારી તરીકે પ્રતિ સહી કરવાની કામગીરી.
- કચેરીમાં થતા આકસ્મિક કચેરીના ખર્ચને મંજૂરી અંગેના હુકમો કરવા.
- કચેરીના આકસ્મિક ખર્ચ બીલોમાં કન્ટ્રોલીંગ અધિકારી તરીકેની કામગીરી.
- જીલ્લા અધિકારીઓના પ્રવાસ કાર્યક્રમો અને રોજનીશી મંજુરીની કામગીરી.
- જીલ્લા કચેરીઓને ગ્રાન્ટ ફાળવણી કરવા બાબત.
- માહિતી અધિકાર હેઠળ પ્રથમ અપીલ અધિકારી તરીકેની કામગીરી.
- નવી બાબતોની દરખાસ્ત તૈયાર કરવા બાબતે.
- એ.જી. રાજકોટ સાથે હિસાબોના મેળવણાની કામગીરી.
- ગ્રામ શ્રમ તંત્રના વાહનોને લગતી બાબતો.
- કચેરીઓના ખર્ચની સમીક્ષા કરવા બાબત.
- ત્રિમાસિક આયોજનની પ્રગતિની સમીક્ષા કરવા બાબત..
- વર્ગ-૩ના કર્મચારીઓના ખાનગી અહેવાલની સમીક્ષાની કામગીરી.
- નવી કચેરીઓ અથવા ચાલુ કચેરીના વિસ્તરણ માટે ફર્નિચરની ખરીદી બાબત.
- તાબાની કચેરીઓના ભાડેથી મકાન લેવા બાબતેની કામગીરી.
- વધારાની ગ્રાન્ટની ફાળવણી બાબત..
- સરકારી/સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વિરૂધ્ધની પ્રોસીકયુશન દરખાસ્તને મંજૂરી આપવા બાબતે વિભાગને દરખાસ્ત કરવાની કામગીરી.
- ઓડીટ પારાના ખુલાસા કરવાની કામગીરી.
- ભારત સરકાર અને બીજા વિભાગોને હકીકતલક્ષી માહિતી મોકલવા બાબત.
- પુસ્તકો ખરીદી કરવા બાબત.
- લેખન સામગ્રી અને છાપેલા ફોર્મમાં ઇન્ડેટ મોકલવાની કામગીરી.

<u>મદદનીશ ગ્રામ શ્રમ આયુકત કક્ષાએ નિર્ણય કરવો</u>:-

- વર્ગ-૩ અને ૪ ની પરચૂરણ રજા, પ્રાપ્ત રજા અને મેડીકલ રજાઓ મંજુર કરવા બાબત...
- તાબાની કચેરીઓના વર્ગ-૩ના કર્મચારીઓના ખાનગી અહેવાલની લખવાના/સમીક્ષા કરવા.
- કર્મચારી માટે તાલિમનું આયોજન અને તાલિમમાં મોકલવાની કામગીરી.
- વહીવટી શાખા તરફથી રજુ થતી તમામ ફાઇલોમાં શાખા અધિકારી તરીકેની ફરજો.
- કર્મચારીઓના ચાર્જ એલાઉન્સ મંજૂરી તથા વિભાગને દરખાસ્ત કરવાની કામગીરી.
- વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને લગતી કોઇપણ શિસ્ત વિષયક બાબત તથા શિક્ષા બાબતે દરખાસ્તની કામગીરી.
- કર્મચારીઓના ખાસ પગારને મંજૂરી આપવા બાબતે દરખાસ્ત.
- ગ્રામ શ્રમ આયુકત કચેરીના કર્મચારીઓના ટેબલ બદલવા અંગેની કામગીરી.

૧૦...

- બહારની જગ્યાઓ માટે સામાન્ય સરકારી હુકમો અનુસાર અરજીઓ મોકલવા બાબત.
- મહેકમ પુસ્તિકા અધતન રાખવાની કામગીરી.
- મહેકમને લગતી તમામ બાબતે.

**હિસાબી અધિકારી કક્ષાએ નિર્ણયઃ-**

- ડ્રોઇંગ અને ડીસ્બર્શીંગ અધિકારી તરીકેની તમામ કામગીરી.
- કચેરીના તમામ અધિકારી/કર્મચારીઓના પગાર બીલોની કામગીરી.
- સમયસર ઇન્ડેન્ટ મોકલવાની કામગીરી.
- કર્મચારીઓના પ્રવાસ ભથ્થા, જી.પી.એફ. કન્ટીજન્ટ બીલો પે એન્ડ એકાઉન્ટમાં રજુ કરવાની તમામ કામગીરી.
- અંદાજપત્રની કામગીરી.
- ખર્ચની સમીક્ષા કરવાની બાબત.
- ગ્રાન્ટની ફાળવણીની બાબત.
- વધારાની ગ્રાન્ટની માંગણી તથા ફાળવણીની કામગીરી.
- આંડિટવાંધા અને હિસાબમેળ વગેરે બાબત.
- પેન્શન કેસોની કામગીરી.
- પૂરક અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરી.

## (૪) ગ્રામ શ્રમ વ્યવસ્થાતંત્રના કાર્યો બજાવવા માટે તંત્રએ નકકી કરેલા ધોરણો:-

ગ્રામ શ્રમ તંત્ર દ્વારા ખેતવ્યવસાયમાં અને અત્રેના તંત્રને સોંપવામાં આવેલ અન્ય ૧૩ વ્યવસાયોમાં આ તંત્રને અમલીકરણ અંગે સોંપવામાં આવેલ વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ નીચે મુજબના જીલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ માસિક નિરીક્ષણો કરવા અંગેના ધોરણો નકકી કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | સરકારી શ્રમ અધિકારી(ખેત)(વર્ગ-ર) | વાહન વગર | વાહન સાથે |
| | ખેતવ્યવસાયમાં | ૧૦૦ નિરીક્ષણો | ૧૬૦ નિરીક્ષણો |
| | અન્ય વ્યવસાયમાં | ર૦ નિરીક્ષણો | ર૦ નિરીક્ષણો |
| (ર) | મદદનીશ સરકારી શ્રમ અધિકારી(વર્ગ-૩) | વાહન વગર | વાહન સાથે |
| | ખેતવ્યવસાયમાં | ૧૦૦ નિરીક્ષણો | ૧૬૦ નિરીક્ષણો |
| | અન્ય વ્યવસાયમાં | ર૦ નિરીક્ષણો | ર૦ નિરીક્ષણો |

## (પ) ગ્રામ શ્રમ તંત્રના કાર્યો બજાવવા માટે ગ્રામ શ્રમ તંત્ર પાસેના અથવા ગ્રામ શ્રમ તંત્રના નિયંત્રણ હેઠળના અથવા ગ્રામ શ્રમ તંત્રના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો,સૂચનાઓ, નિયમસંગ્રહો અને રેકર્ડ :-

ગ્રામ શ્રમ તંત્રના કાર્યો બજાવવા માટે જીલ્લા કક્ષાએ સરકારી શ્રમ અધિકારી(ખેત)(વર્ગ-ર) તથા તાલુકા કક્ષાએ મદદનીશ સરકારી શ્રમ અધિકારીશ્રીઓ લઘુત્તમ વેતન ધારા હેઠળના નિરીક્ષક તરીકેની ફરજો બજાવે છે તેમના દ્વારા શ્રમિકોને કામના કલાકો પ્રમાણે વેતન મળે અને માલિકો દ્વારા તેમનું આર્થિક શોષણ ન થાય તે માટે રક્ષણ પુરું પાડીને તેઓનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થવા માટે (૧) લઘુત્તમ વેતન ધારા, ૧૯૪૮ (ર) બાળશ્રમિક (પ્રતિબંધ અને નિયમન) ધારા, ૧૯૮૬ (૩) આંતર રાજય સ્થળાંતરીત કામદાર (રોજગારીનું નિયમન અને રોજગારીની શરતો) અધિનિયમ, ૧૯૭૯ અને (૪) સમાન વેતન ધારા, ૧૯૭૬ તથા તે હેઠળના નિયમોને ધ્યાને લેવામાં આવે છે.

ગ્રામ શ્રમ તંત્ર દ્વારા હિસાબી કામગીરી માટે ગુજરાત નાણાંકીય નિયમો, મુંબઇ આકસ્મિક ખર્ચના નિયમો, ગુજરાત તિજોરી નિયમો, નાણાંકીય સત્તા સોપણી નિયમો નિયમો, વિનિમયો ધ્યાને લેવામાં આવે છે તથા વહીવટી કામગીરી માટે ગુજરાત મુલ્કી સેવા નિયમો,ર૦૦ર, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો , વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહોને ધ્યાને લેવામાં આવે છે.

૧ર...

## (૬) ગ્રામ શ્રમ તંત્ર પાસે અથવા ગ્રામ શ્રમ તંત્રના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક

અત્રેની કચેરીનું મુખ્ય કાર્ય જુદા જુદા શ્રમ કાયદાઓના અમલ કરાવવાનું છે. આ ઉપરાંત શ્રમ કાયદાઓનાં ભંગની ફરીયાદોનો નાગરિક અધિકાર પત્રમાં દર્શાવ્યા મુજબની સમય મર્યાદામાં નિકાલ કરવાનો રહે છે.

વિવિધ શ્રમ કાયદાઓ હેઠળ રાજય સરકાર દ્વારા ઘડવામાં આવેલ નિયમોનો અમલ તથા તે મુજબ પરિપત્રિત સૂચનાઓ જે તે કચેરીમાં ઉપલબ્ધ છે.

## (૭) તેની નિતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિધમાન વ્યવસ્થાની વિગતો:-

નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાની અથવા તેના પ્રતિનિધીઓની સલાહ-પરામર્શ સહ ભાગીતા મેળવવા માટે રાજય કક્ષાએ કોઇ કાનૂની જોગવાઇ નથી, પરંતુ ચોકકસ શ્રમ કાયદાઓ જેવા કે, લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ખેત વ્યવસાયમાં લઘુત્તમ વેતન ધારાના અમલીકરણ માટેની જિલ્લા કક્ષાની સલાહકાર સમિતિ તથા વેઠપ્રથા નાબુદી અધિનિયમ,૧૯૭૬ અન્વયે ૨૪ જિલ્લા તથા ૯૫ પ્રાન્ત કક્ષાની વેઠપ્રથા નાબુદી તકેદારી સમિતિઓની રચના કરવામાં આવે છે. અન્ય જીલ્લાઓ તથા પ્રાન્તોની વેઠપ્રથા નાબૂદી તકેદારી સમિતિઓની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

## (૮) તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના બનેલા બોર્ડ, પરિષદ સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

આ અંગેનું અલગ મોડયુલ ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર તરફથી બહાર પાડવામાં આવેલ છે.

૧૩...

# (૯) ગ્રામ શ્રમ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | નામ | હોદ્દો | ફોન નંબર | | કચેરીનું સરનામું | રહેઠાણનું સરનામું |
|---|---|---|---|---|---|---|
| | | | કચેરી | રહેઠાણ | | |
| ૧ | શ્રી બી .એચ.તલાટી | ઇ./ચા. ગ્રામ શ્રમ આયુકત | ૨૩૨૫૩૩૬૯ | ૯૯૨૫૨૨૮૮૩૮ | ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૭/૧,ગાંધીનગર. | |
| ૨ | શ્રી એમ.સી.કારીયા | નાયબ ગ્રામ શ્રમ આયુકત | ૨૩૨૫૩૩૭૧ | ૯૮૨૫૧૫૦૯૮૭ | ઉપર મુજબ | ૨૮૬/૫ સેક્ટર-૯,ગાંધીનગર |
| ૩ | શ્રીમતી એન.પી.પરમાર | ઇ./ચા. મદદનીશ ગ્રામ શ્રમ આયુકત | ૨૩૨૫૩૩૭૩ | | ઉપર મુજબ | |
| ૪ | શ્રીમતી જે.આર.મકવાણા | ઇ./ચા. હિસાબી અધિકારી | ૨૩૨૫૩૩૭૪ | ૯૮૨૪૨૫૦૫૨૦ | ઉપર મુજબ | એલ-4, કે.એલ.એમ.ક્વાટર્સ, ન્યુ સિવિલ પાછળ, અમદાવાદ |
| ૫ | શ્રી જે.પી.કડીયા | અધિક્ષક(કામગીરી) | ૨૩૨૫૩૩૭૨ | ૯૯૨૪૬૯૦૬૨૦ | ઉપર મુજબ | બી-૧૪, ગ્રીન એવેન્યુ,જી.એસ.ટી ફાટક રોડ, રાણીપ,અમદાવાદ |
| ૬ | શ્રી સંજય ભોસલે | ગુજ.સ્ટેનોગ્રાફર | ૨૩૨૫૩૩૭૫<br>૨૩૨૨૬૪૪૬<br>(ફેકસ) | | ઉપર મુજબ | |
| ૭ | જગ્યા ખાલી | ગુજ.સ્ટેનોગ્રાફર | | | | |
| ૮ | જગ્યા ખાલી | મદદ.સરકારી શ્રમ અધિકારી | ૨૩૨૫૩૩૭૬ | | ઉપર મુજબ | |
| ૯ | જગ્યા ખાલી | મદદ.સરકારી શ્રમ અધિકારી | ૨૩૨૫૩૩૭૦ | | ઉપર મુજબ | |
| ૧૦ | શ્રી જે.પી.કડીયા | ઈ/ચા નાયબ હિસાબનીશ | ૨૩૨૫૩૩૭૦ | | ઉપર મુજબ | ઉપર મુજબ |
| ૧૧ | શ્રીમતી જે.આર.મકવાણા | ઈ/ચા સંશોધન મદદનીશ | ૨૩૨૫૩૩૭૦ | ૯૮૨૪૨૫૦૫૨૦ | ઉપર મુજબ | એલ-4, કે.એલ.એમ.ક્વાટર્સ, ન્યુ સિવિલ પાછળ, અમદાવાદ |
| ૧૨ | જગ્યા ખાલી | પ્રવર કારકુન | ૨૩૨૫૩૩૭૨ | | ઉપર મુજબ | |
| ૧૩ | શ્રી એચ.ડી.પરીખ | પ્રવર કારકુન | ૨૩૨૫૩૩૭૦ | ૯૮૯૮૨૩૧૪૪૪ | ઉપર મુજબ | ૧૩૬/૧૦૬૩ ગુ,હા.બોર્ડ ,કલાપીનગર, અસારવા, અમદાવાદ-૧૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | જગ્યા ખાલી | પ્રવર કારકુન | ૨૩૨૫૩૩૭૬ | | ઉપર મુજબ | |
| ૧૫ | જગ્યા ખાલી | પ્રવર કારકુન | ૨૩૨૫૩૩૭૦ | | ઉપર મુજબ | |
| ૧૬ | શ્રી વાય.એ. રાઠોડ | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૦ | ૯૪૨૯૪૩૭૫૦૬ | ઉપર મુજબ | પ્લોટ નં. ૮૯૧/૨, સેકટર-૫-સી, ગાંધીનગર. |
| ૧૭ | શ્રી વિ.ડી.ચૌધરી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૬ | ૮૯૮૦૩૦૫૧૬૮ | ઉપર મુજબ | |
| ૧૮ | શ્રી આર.બી.દેસાઈ | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૬ | ૯૦૫૪૭૬૦૫૪૯ | ઉપર મુજબ | |
| ૧૯ | શ્રી બી.એ.ચૌધરી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૨ | ૯૭૩૭૦૯૫૮૪૭ | ઉપર મુજબ | |
| ૨૦ | શ્રી આર.એન.પરમાર | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | ૮૪૬૯૪૨૯૮૯૦ | ઉપર મુજબ | સેક્ટર-22, બ્લોક નંબર - ૬૮/૯ ગાંધીનગર |
| ૨૧ | જગ્યા ખાલી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૨ | શ્રી પ્રકુલ એસ.ચૌધરી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | ૮૧૨૮૨૬૫૬૯૬ | ઉપર મુજબ | |
| ૨૩ | જગ્યા ખાલી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૪ | જગ્યા ખાલી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૫ | જગ્યા ખાલી | જુનીયર કારકુન | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૬ | જગ્યા ખાલી | ડ્રાઇવર | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૭ | જગ્યા ખાલી | ડ્રાઇવર | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૨૮ | શ્રી એમ.જે.ઠાકોર | પટાવાળા | ૨૩૨૫૩૩૭૫ | ૯૦૯૯૧૧૮૮૦૪ | ઉપર મુજબ | સર્વમંગલ સોસાયટી, જમીયતપુરા,તા. ગાંધીનગર |
| ૨૯ | જગ્યા ખાલી | પટાવાળા | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૩૦ | જગ્યા ખાલી | પટાવાળા | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૩૧ | જગ્યા ખાલી | પટાવાળા | ૨૩૨૫૩૩૭૫ | | ઉપર મુજબ | |
| ૩૨ | શ્રી કે.એસ.ડામોર | પટાવાળા | ૨૩૨૫૩૩૭૫ | ૯૯૭૮૮૭૩૦૩૫ | ઉપર મુજબ | પ્લોટ નંબર -૨૨૦/૨, સેક્ટર-3 ન્યુ-એ, ગાંધીનગર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૩ | જગ્યા ખાલી | ફરાશ | | | ઉપર મુજબ | |

## (૧૦) વિનિમયોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહીત દરેક અધિકારી અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણાની વિગતો

**ગ્રામ શ્રમ તંત્રના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને મળતા માસિક કુલ મહેનતાણાની તા. ૦૧/૦૫/૨૦૧૫ની સ્થિતીએ વિગત દર્શાવતું પત્રક :-**

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદો | કુલ માસિક પગારની રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | શ્રી બી .એચ.તલાટી | ઇ./ચા. ગ્રામ શ્રમ આયુકત | |
| ૨ | શ્રી એમ.સી.કારીયા | નાયબ ગ્રામ શ્રમ આયુકત | ૯૨૫૩૦ |
| ૩ | શ્રીમતી એન.પી.પરમાર | ઇ./ચા. મદદનીશ ગ્રામ શ્રમ આયુકત | |
| ૪ | શ્રી જે.પી.કડીયા | નાયબ હિસાબનીશ /અધિક્ષક | ૪૪૯૭૬ |
| ૫ | શ્રી સંજય ભોસલે | ગુજ.સ્ટેનોગ્રાફર | ૭૫૨૦૩ |
| ૮ | શ્રીમતી જે.આર.મકવાણા | ઈ/ચા સંશોધન મદદનીશ/ ઇ./ચા. હિસાબી અધિકારી | ૪૮૫૫૬ |
| ૯ | શ્રી એચ.ડી.પરીખ | પ્રવર કારકુન | ૫૨૦૦૪ |
| ૧૦ | શ્રી વાય.એ. રાઠોડ | જુનીયર કારકુન | ૪૪૪૮૦ |
| ૧૧ | શ્રી વિ.ડી.ચૌધરી | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૨ | શ્રી આર.બી.દેસાઈ | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૩ | શ્રી બી.એ.ચૌધરી | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૪ | શ્રી આર.એન.પરમાર | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૫ | શ્રી.જી.એલ.શીશાંગીયા | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૬ | શ્રી પ્રફુલ એસ.ચૌધરી | જુનીયર કારકુન | ૧૯૯૫૦ |
| ૧૭ | શ્રી એમ.જે.ઠાકોર | પટાવાળા | ૧૮૭૮૯ |
| ૨૦ | શ્રી કે.એસ.ડામોર | પટાવાળા | ૩૬૦૦૬ |

(૧૧) <u>તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચુકવેલા નાણાં પરના અહેવાલોની વિગતો દર્શાવતી તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર</u>

ગ્રામ શ્રમ આયુકત કચેરીની અંદાજપત્રીય જોગવાઇઓ અને ખર્ચની વિગત

| ક્રમ | વર્ષ | પ્લાન રૂ. લાખમાં | | નોનપ્લાન રૂ. લાખમાં | |
|---|---|---|---|---|---|
| | | જોગવાઇ | ખર્ચ | જોગવાઇ | ખર્ચ |
| ૧ | ૨૦૧૧-૧૨ | ૬૯૪.૮૪ | ૬૯૩.૭૦ | ૧૦૫૮.૫૨ | ૧૦૬૧.૯૩ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૧૪૩૩૪૦.૦૦ | ૭૭૩૩૩.૬૯ | ૧૧૬૮.૯૦ | ૧૧૬૨.૮૨ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૧૦૩૨.૬૧ | ૧૦૩૧.૬૧ | ૧૧૯૫.૨૯ | ૧૧૯૫.૨૯ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૧૧૬૨.૪૨ | ૧૧૫૯.૬૦ | ૧૨૯૭.૫૬ | ૧૧૯૬.૧૫ |
| ૫ | ૨૦૧૫-૧૬ | ૧૩૮૪.૦૭ | ૧૧૦૦.૦૮ | ૧૩૪૯.૯૮ | ૧૧૯૯.૦૩ |
| ૬ | ૨૦૧૬-૧૭ | ૧૫૧૫.૮૧ | ૧૩૪૧.૦૨ | ૧૪૨૯.૯૩ | ૧૧૧૩.૬૨ |

(૧૨) <u>ફાળવેલ રકમો સહીત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો.</u>

સબસીડી અંગે કોઇ કાર્યક્રમોના અમલની કામગીરી ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવતી નથી.

(૧૩) <u>તેણે આપેલ છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો.</u>

છૂટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓની કોઇ કામગીરી ગ્રામ શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવતી નથી.

(૧૪) <u>ઇલેકટ્રોનિક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો</u>

ગ્રામ શ્રમ આયુકત કચેરી દ્વારા અમલમાં આવતા શ્રમ કાયદાઓ તેમજ તેને લગતી આનુસાંગીક માહિતીઓ અને કચેરી દ્વારા અમલમાં મુકાયેલ જુદી જુદી યોજનાઓની વિગતો વેબસાઇ ઉપર મુકવામાં આવેલ છે. આ કચેરીની વેબસાઇટનું એડ્રેસ નીચે મુજબ છે.

**www.rlc.gujarat.gov.in**
**www.labourndemployment.gov.in**

(૧૫) <u>જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તો તેવા ગ્રંથાલય અથવા તેના વાંચન કક્ષના કામકાજના કલાકો સહીતની માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સુવિધાની વિગતો.</u>

વર્તમાન પત્રો, નોટીસ બોર્ડ, કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ, જાહેર તંત્રની વેબસાઇટ, જાહેર ખબરનાં અન્ય સાધનો, નાગરીક અધિકાર પત્ર, નાગરીક સુવિધા કેન્દ્ર માહિતી અધિકારી, જન સંપર્ક અધિકારી પાસેથી નાગરીકોને માહિતી મળી શકશે.

# (૧૬) જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દા અને બીજી વિગતો.

## (અ) ગ્રામ શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.

બ્લોક નં.૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

| ક્રમ | જાહેર માહિતીઅધિકારી | મદદનિશ જાહેર માહિતી અધિકારી | કાર્યવિસ્તાર | અપિલ અધિકારી. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મદદનીશ ગ્રામ શ્રમ આયુકતશ્રી,ગાંધીનગર.ગ્રામ શ્રમ આયુકતની કચેરી, ગાંધીનગર. | (૧) અધિક્ષક(એલ-૧) શ્રમિક કાયદા.<br>(૨) મદદનિશ સરકારી શ્રમ અધિકારી,(આર-૧) વહીવટ. | વડી કચેરી | નાયબ ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ગાંધીનગર. |
| ૨ | હિસાબી અધિકારીશ્રી, ગ્રામ શ્રમ આયુકતની કચેરી, ગાંધીનગર. | નાયબ હિસાબનીશ, (એ-૧) હિસાબી-કલ્યાણ પ્રવૃતિઓ. | વડી કચેરી | નાયબ ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ગાંધીનગર. |

## (૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી

### માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા અંગે.

૧. **અરજી કરવા સંબંધી માહિતીઃ-**

અરજદારે સરકારશ્રીએ નકકી કરેલ ફોર્મ-ક (નિયત-નમૂના)માં અરજી કરવાની રહેશે. નમૂનામાં નકકી થયેલ મદ્દાઓ પૈકી મોટાભાગના મુદ્દાઓ અરજીમાં હોય તો આવી અરજી પણ લેવાની રહેશે. અરજદાર અશિક્ષિત હોય તો અરજી ભરવામાં પણ માહિતી અધિકારી કે મદદનીશ માહિતી અધિકારીએ મદદ કરવાની રહેશે.

૨. **અરજીની ફીઃ-**

(અ) અરજદાર અરજી દીઠ રૂ. ૨૦/- ફી રોકડમાં ભરવાની સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં રોકડમાં અથવા ડીમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર અથવા નોન જયુડીશીયલ સ્ટેમ્પ અથવા પોસ્ટલ ઓર્ડર અથવા રેવન્યુ સ્ટેમ્પ અથવા ફ્રેન્કીંગ મશીનનું સ્ટેમ્પીંગ કરાવી અથવા ઇલેકટ્રોનિકસ સ્ટેમ્પીંગ અથવા કોર્ટ ફી સ્ટેમ્પ દ્વારા અથવા ચલણ દ્વારા અધિકત બેન્કો મારફત સરકારી તિજોરીમાં જમા કરાવેલ ફી ભરી શકાશે.

(બ) **નકલ માટે તથા અન્ય ફીની વિગતો નીચે મુજબ.**

| ક્રમ | જરૂરી માહિતીની વિગત | કિંમત રૂ. |
|---|---|---|
| ૧ | પ્રકાશનના સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તેવી કોઇ માહિતી | પ્રકાશનની ખરેખરી કિંમત. |
| ૨ | બીજી માહિતી/દસ્તાવેજો<br>ક. જોઇતી માહિતીની નકલ<br>(૧) એ-૩, એ-૪ સાઇઝના કાગળ પર<br>(૨) મોટી સાઇઝના કાગળ પર હોયતો<br>ખ. નમૂના (સેમ્પલ), મોડેલ અથવા ફોટોગ્રાફ<br>ગ. રેકર્ડની તપાસણી માટેઃ<br>ઘ. શકય હોય ત્યાં ફલેપી અથવા ડિસ્કમાં પૂરી પાડવાની માહિતી માટે | પાના દીઠ રૂ. ૨/-<br>તેની ખરેખરી કિંમત જેટલી રકમ.<br>પ્રથમ અર્ધા કલાક માટે કોઇ ફી નહીં. અને ત્યારપછી દરેક અર્ધા કલાક માટેરૂ. ૨૦/-<br>ફલોપી અથવા ડિસ્ક દીઠ રૂ. ૫૦/- |

૩. **માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવે તો કરવાની કાર્યવાહીઃ-**

માહિતી અધિકારીએ માંગેલ માહિતી દિન-૩૦ માં આપવાની રહેશે, કાયદાની કલમ-૮ અને ૯ માં દર્શાવ્યા સિવાયની માહિતી માટે ના પાડી શકાશે નહીં. માહિતી અધિકારીએ કોઇપણ માહિતી

ન આપવા માટે અરજદારને કારણો સહીત લેખિતમાં જાણ કરવાની રહેશે. તદ્ઉપરાંત અરજદારને કયા એપેલેટ અધિકારીને કેટલા દિવસમાં અપીલ થઇ શકશે તેની માહિતી આપવાની રહેશે.

## ગ્રામ શ્રમ આયુકત તંત્ર ની જીલ્લા/તાલુકાની કચેરીઓના નામ સરનામા ની માહીતી.

| ક્રમ | જીલ્લો | જીલ્લાની કચેરીનુ નામ તથા સરનામું | જીલ્લાની તાલુકા કચેરીઓના નામ, સરનામા | |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સહયોગ સંકુલ,બીજા માળે,<br>પથીકાશ્રમ પાસે,<br>ગાંધીનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,**દશક્રોઇ**<br>જી અમદાવાદ સહયોગ સંકુલ,બીજા માળે, સી બ્લોક,<br>પથીકાશ્રમ પાસે, ગાંધીનગર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>૨૧૭, બીજો માળ, તાલુકા સેવન સદન,<br>**ધોળકા** જી.અમદાવાદ |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સ્વામી નારાયણ પેટ્રોલ પંપ પાસે માંડલ રોડ<br>તાં.**વિરમગામ** જી.અમદાવાદ | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>યશ કોમ્પલેકશ જનતા સરકારી બેંક સામે<br>તા.**ધંધુકા** જી.અમદાવાદ |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>નળસરોવર રોડ ભગવતી સોસાયટી ડો.મનુભાઇ ના દવાખાના પાસે<br>તા.**સાંણદ** જી.અમદાવાદ | |
| ૨ | ગાંધીનગર | સરકારી શ્રમ અધિકારીની કચેરી, સહયોગ સંકુલ,બીજા માળે,<br>પથીકાશ્રમ પાસે,<br>ગાંધીનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>સહયોગ સંકુલ,બીજા માળે, સી બ્લોક,<br>પથીકાશ્રમ પાસે, ગાંધીનગર જી ગાંધીનગર. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>કલોલ (મુ.મ.ગાંધીનગર)<br>સહયોગ સંકુલ,બીજા માળે,સી બ્લોક ,<br>પથીકાશ્રમ પાસે, જી.ગાંધીનગર. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી ,<br>હરીઓમ સોસાયટી રેલ્વે સ્ટેશન રોડ<br>સ્ટેટ બેંન્ક ની સામે તા.**દહેગામ** જી ગાંધીનગર. | |
| ૩ | વલસાડ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળીમકાન,પાંચમો માળ,<br>ધરમપુર રોડ, ૩૯૬૦૦૨ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી બહુમાળીમકાન, પાંચમો માળ, ધરમપુર રોડ, ૩૯૬૦૦૨ .વલસાડ, જી.વલસાડ | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>**તાલુકા સેવા સદન, ૧ લો માળ, પારડી** જી.વલસાડ |
| | | | **(૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી**<br>**ગ્રામ પંચાયત કચેરી ના મકાનમાં** | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>**તાલુકા સેવા સદન, તા.ધરમપુર** |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તા.ઉમરગામ, જી.વલસાડ | જી.વલસાડ |
| ૪ | નવસારી | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળીમકાન, સી.બ્લોક પહેલો માળ જુના થાણા જી .નવસારી | (૧) દદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>નવસારી (નવી જગ્યા ) | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>ગ્રામ પંચાયત કચેરી ના મકાન માં<br>તા.ચીખલી જી.નવસારી |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>લાલજી મંદીર ના મેળા ઉપર પહેલો માળ પટેલ ફળી તા.ગણદેવી જી.નવસારી | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>નવા ફળીયા તા.વાંસદા જી.નવસારી |
| ૫ | સુરત | સરકારી શ્રમ અધિકારીની કચેરી, જીલ્લા સેવા સદન -૨, બ્લોક બી , છઠો માળ, આઠવા લાઇન, સુરત. | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>જીલ્લા સેવા સદન,૨/બી બ્લોક,છઠો માળ,<br>આઠવાલાઇન, **ચૉયાસી** જી. સુરત. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>મામલતદાર કચેરી કંપાઉન્ડ **તા.ઓલપાડ**<br>જી. સુરત. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,(શે.કા)<br>જીલ્લા સેવા સદન, બ્લોક ૨/બી ,છઠો માળ, આઠવા લાઇન, સુરત.જી. સુરત. | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, મામલતદાર કચેરી કંપાઉન્ડ **તા.માંગરોળ**<br>જી. સુરત. |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, પોલીસ સ્ટેશનની બાજુમાં , પલસાણા જી. સુરત. | (૬) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, મામલતદાર કચેરી કંપાઉન્ડ **તા.બારડોલી** જી. સુરત. |
| | | | (૭) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, મામલતદાર કચેરી કંપાઉન્ડ **તા. કામરેજ** જી. સુરત. | (૮) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જુની મામલતદાર કચેરી મુ. મહુવા જી. સુરત |
| ૬ | ગોધરા જીલ્લો | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, બ્લોક નં-૪૯/૫૦<br>જી-પંચમહાલ (ગોધરા) | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>બહુમાળી મકાન, બ્લોક નં- ૪૯/૫૦<br>તા. **ગોધરા** જી-પંચમહાલ. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>હાલોલ ( નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>શહેરા ( નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | મહીસાગર જીલ્લો (લુણાવાડા ) | સરકારી શ્રમ અધિકારીની કચેરી, જુની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ , એસ.ટી. બસ સ્ટેશન પાછળ, મહીસાગર ( લુણાવાડા ) જી. મહીસાગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જુની મામલતદાર કચેરી કમ્પાઉન્ડ ,<br>એસ.ટી. બસ સ્ટેશન પાછળ, **લુણાવાડા**<br>જી. મહીસાગર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બાલાસિનોર (નવી જગ્યા ) |
| ૮ | નર્મદા જીલ્લો | સરકારી શ્રમ અધિકારીની કચેરી, જીલ્લા સેવા સદન, કલેકટર કચેરી સંકુલ, બહુમાળી મકાન,બીજો માળ, રૂમ નં.૨૦૩ રાજપીપળા, જી-નર્મદા. | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>પશુ દવાખાનાની બાજુમાં મુખ્ય બજાર ,<br>સ્ટેશન રોડ, ડેડીયાપાડા<br>જી-નર્મદા. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>રાજપીપળા ( નવી જગ્યા ) |
| ૯ | નડીયાદ જીલ્લો | સરકારી શ્રમ અધિકારીની કચેરી,બહુમાળી મકાન, બ્લોક ૧, બીજો માળ,સરદાર પટેલ ભવન, મીલ રોડ, નડીયાદ જી-ખેડા | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળી મકાન, બ્લોક ૧, બીજો માળ,<br>સરદાર પટેલ ભવન, મીલ રોડ, નડીયાદ જી-ખેડા | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ગાયત્રી હોસ્પીટલ , સ્ટેશન રોડ,<br>મુ. તા.**માતર** જી.ખેડા |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળી મકાન, બ્લોક ૧, ત્રીજો માળ,<br>સરદાર પટેલ ભવન, મીલ રોડ, મુ. મહેમદાવાદ.<br>નડીયાદ જી-ખેડા | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, તાલુકા પંચાયત કંમ્પાઉન્ડ રેલ્વે ક્રોસીંગ પાસે, તા.**ઠાસરા** જી.ખેડા |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ખેતીવાડી ઉત્પન્ન બજાર સમીતી સામે, અતિથિ હોટલ ના મેડા ઉપર નડીયાદ રોડ તા.**કપડવંજ** જી.ખેડા | |
| ૧૦ | આણંદ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન, રૂમ નં. ૧૦૧/૧૦૨<br>બોરસદ ચોકડી ડી.એસ.પી ઓફીસ સામે ,જી-આણંદ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારી ની કચેરી (નવીજગ્યા) જીલ્લા કચેરીમાં કાર્યરત છે.<br>જીલ્લા સેવા સદન, રૂમ નં. ૧૦૧/૧૦૨<br>બોરસદ ચોકડી,જી-આણંદ | (૨)મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, જુની મામલતદાર ની કચેરી કંમ્પાઉન્ડ, સબ જેલની બાજુમાં તાં.**બોરસદ** જી.આણંદ |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>મજુર મહાજન સંઘના મકાનના ભોયરામાં,સ્ટેશન રોડ, | (૪)મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જુની ટેલીફોન ઓફીસના મકાનમાં , જવાહર રોડ, |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તા.**પેટલાદ** જી.આણંદ | મુ. તા. **ખંભાત** જી.આણંદ |
| ૧૧ | ભાવનગર | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, બ્લોક ૧૮/૨, એસ,ટી,ડેપો,પાસે જી-ભાવનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ગાંધી ચોક,ઓઝા વકીલ ની સામે,તા.**તળાજા**<br>જી.ભાવનગર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, છેલ્લા ચકલા, સીંધી સ્કુલ નુ મકાન,સીટી સર્વે પાસે,તળેટી રોડ,તા.**પાલીતાણા**<br>જી.ભાવનગર |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>ભાવનગર ( નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>મહુવા (નવી જગ્યા ) |
| ૧૨ | બોટાદ | (૪)સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>એ-એસ-૧૫, એ-બ્લોક, બીજો માળ, રૂમ નંબર-૧૫, જિલ્લા સેવા સદન, ખસ રોડ, જી.**બોટાદ** | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>એ-એસ-૧૫, જિલલા સેવા સદન, ખસ રોડ તા.**બોટાદ**<br>જી.ભાવનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળીમકાન, બ્લોક ૧૮/૨, એસ,ટી,ડેપો,પાસે તા.**ભાવનગર ( ગઢડા)** જી-ભાવનગર |
| ૧૩ | વડોદરા | સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળી મકાન, નર્મદા ભવન , સી બ્લોક, પાંચમો માળ, જેલ રોડ,જી-વડોદરા | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, નર્મદા ભવન , સી બ્લોક,<br>પાંચમો માળ, જેલ રોડ,જી-વડોદરા | (૨)મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જગદંબા ટોકીજ સામે,તા.**વાઘોડીયા** જી.વડોદરા |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>વાસુ ફળિયુ ,તા.**શીનોર** જી.વડોદરા | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સેવા સદન, બીજોમાળ, ,તા.**સાવલી** જી.વડોદરા |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>સેવા સદન , બીજોમાળ, તા.**કરજણ** જી.વડોદરા | (૬) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની<br>કચેરી, સેવા સદન બીજો માળ, બી બ્લોક,<br>તા.**ડભોઇ** જી.વડોદરા |
| | | | (૭) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>અંબાજી મંદીર પાસે ,મુ.તા.**પાદરા** જી-વડોદરા | |
| ૧૪ | છોટાઉદેપુર | (૧૦) સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન બીજા માળે, એસ-૫, છોટા ઉદેપુર, **જી. છોટા ઉદેપુર** | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન બીજા માળે, એસ-૫, છોટા ઉદેપુર, પીન-૩૯૧૧૬૫ **જી. છોટા ઉદેપુર** | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>તાલુકા સેવા સદન, ,તા.**સંખેડા** જી.વડોદરા |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની | (૪) મદદનીશ સરકારી શ્રમ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કચેરી,<br>તાલુકા સેવા સદન ,તા.**પાવી-જેતપુર**<br>જી. છોટા ઉદેપુર | અધિકારીની કચેરી,<br>તાલુકા સેવા સદન મુ. તા.**નસવાડી**<br>જી. છોટા ઉદેપુર |
| ૧૫ | હિંમતનગર | સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળીમકાન, બી બ્લોક, બીજા માળે,<br>રૂમ નં-૩ જી-હિંમતનગર (સા.કા.) | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળીમકાન, બી બ્લોક,બીજા માળે,રૂમ નં-૩<br>તા.**હિંમતનગર** જી-હિંમતનગર | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, સરપ્રતાપ હાઇસ્કુલ સામે, સ્ટેટ બેકની પાછળ, મુ.તા..**ઇડર** જી.સાંબરકાંઠા |
| | | | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>પી એન્ડ આર હાઇસ્કુલ સામે, મુ. તા.**પ્રાંતિજ**<br>જી.સાબરકાંઠા | |
| ૧૬ | અરવલ્લી (મુ.મ.મોડાસા) | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બીજો માળ,એ બ્લોક, રૂમ નંબર.૧૩, જીલ્લા સેવા સદન તા.**મોડાસા** જી. અરવલ્લી | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બીજો માળ,એ બ્લોક, રૂમ નંબર.૧૩, જીલ્લા સેવા સદન<br>તા.**મોડાસા** જી. અરવલ્લી | ૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>કોટર્યક સોસાયટી, સપન હોસ્પીટલ પાસે,<br>તા.**બાયડ** જી.અરવલ્લી. |
| ૧૭ | રાજકોટ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બાઇ સાહેબબા હાઇસ્કુલ કમ્પાઉન્ડ,<br>બાલાજી મંદીર પાસે,ભુપેન્દ્ર રોડ, રાજશ્રી ટોકીઝ પાસે,<br>મુ .જી.રાજકોટ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>રાજકોટ ( નવી જગ્યા )<br>જીલ્લા કચેરીમાં બેસે છે. | (૨)મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>તાલુકા સેવા સદન, ૨ જો માળ,<br>મુ. તા.**ગોંડલ** જી.રાજકોટ |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>નાયબ કલેકટર કચેરી કમ્પાઉન્ડ, ગેલેકક્ષી ચોક,<br>આંબેડકર ચોક, સામે, ધોરાજી જી. રાજકોટ. | |
| ૧૮ | મોરબી | સરકારી શ્રમ અધિકારીની કચેરી, સેવા સદન, બીજોમાળ, રૂમ નં.૨૫૭ લાલબાગ , તા.જી.**મોરબી** | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સેવા સદન, બીજોમાળ, રૂમ નં.૨૫૭ લાલબાગ ,<br>તા.જી.**મોરબી** | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>વાંકાનેર ( નવી જગ્યા ) |
| ૧૯ | કચ્છ-ભુજ | સરકારી શ્રમ અધિકારીની કચેરી, | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળી મકાન, રૂમ નં.૨૦૪ , | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, |

| | | | | |
|---|---|---|---|---|
| | | બહુમાળી મકાન, બ્લોક નં.૨૦૪,<br>પ્રથમ માળ, મુ.કચ્છ-ભુજ | પ્રથમ માળ,<br>મુ.ભુજ-કચ્છ | કનસ કોમ્પલેક્ષ,વૈશાલી સીનેમા રોડ,<br>મુ. તા.**અંજાર** જી.ભુજ |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળી મકાન, રૂમ નં.૨૦૪ , પ્રથમ માળ, નખત્રાણા મુ.ભુજ-કચ્છ | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, રાપર અરજી બાપુ વાસ મુ.રાપર ભુજ-કચ્છ |
| ૨૦ | સુરેન્દ્રનગર | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, બ્લોક નં-એ, ગ્રાઉન્ડ<br>ફ્લોર, ખેરાળી રોડ, જી સુરેન્દ્રનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, ત્રીજોમાળ,<br>મુ. તા- **લીંબડી**, જી- સુરેન્દ્રનગર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>મીનાબેન દેસાઇના મકાનમાં, શ્રીનાથજી<br>કોમ્પલેક્ષ, આશીર્વાદ હોટલની પાસે,<br>મુ. તા.**પાટડી** જી.સુરન્દ્રનગર |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>વઢવાણ ( નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ધ્રાંગધ્રા ( નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. |
| ૨૧ | અમરેલી | સરકારી શ્રમ અધિકારીની કચેરી, બહુમાળીમકાન, સી બ્લોક, રૂમ નં-૨૧૨, પહેલો માળ, જી-અમરેલી | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળીમકાન, સી બ્લોક,રૂમ નં-૨૧૨, પહેલો માળ, મુ. તા જી. .**અમરેલી** | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>શાંતીવન મહુવા ડુંગર રોડ, તા.**રાજુલા**,<br>જી-અમરેલી |
| | | | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>દરબાર ગઢ તલાટી ઓફિસ સામે,<br>મુ. તા.**સાવરકુંડલા** જી.અમરેલી | |
| ૨૨ | જૂનાગટ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સરદાર બાગ જુનાગઢ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સરદાર બાગ, ૩૬૨૦૦૧, તા.જી.જુનાગઢ | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>કેશોદ (નવી જગ્યા ) મકાન શોધે છે. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>વિસાવદર (નવી જગ્યા)સરકારી મકાન ઉપલબ્ધ નથી | |
| ૨૩ | ગીર સોમનાથ (મુ.મ.વેરાવળ) | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>**ગોપીકુંજ એપર્ટમેન્ટ,ગ્રાઉન્ડ ફલોર આદીતય બિરલા સ્કુલની** | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>પુર્વ દયાનંદ સોસાયટી, સરકારી લાયબ્રેરી પાસે,<br>મુ. તા.**ઉના** જી ગીર સોમનાથ | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ભરત નિવાસ, શેરીનીટી કોલોની પાસે,<br>રાજેન્દ્ર ભવન રોડ, સરકીટ હાઉસ |

| | | | | |
|---|---|---|---|---|
| | | બાજુમાં પોસ્ટ ઓફીસરોડ(મુ.મ.વેરાવળ)જી .ગીરસોમનાથ | | પાસે,<br>વેરાવળ જી.ગીર સોમનાથ |
| ૨૪ | પોરબંદર | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન-૨ , રૂમ નં.૧૭ પ્રથમ માળ, જી. પોરબંદર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>પોરબંદર (નવી જગ્યા )<br>જીલ્લા કચેરીમાં બેસે છે. | |
| ૨૫ | જામનગર | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન, રાજકોટ રોડ,<br>સુભાષ બ્રીજ છેડે, જી-જામનગર | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, , જીલ્લા સેવા સદન, રૂમ નં.૩૬, રાજકોટ રોડ, સુભાષ બ્રીજ છેડે, તા જી.જામનગર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>લાલપુર ( નવી જગ્યા ) |
| ૨૬ | દેવભુમિ ધ્વારકા (મુ.મ.ખંભાળીયા ) | સરકારી શ્રમ અધિકારીની કચેરી, (ખેત)<br>દેવભુમિ ધ્વારકા (મુ.મ. ખંભાળીયા)<br>જે. કે. વી. નગર-૩, આરટીઓ ઓફીસ પાસે, જામનગર હાઇવે, ધરમપુર | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>તાલુકા સેવા સદન , પહેલો માળે,<br>મુ.તા. **ભાણવડ ,જી.** દેવભુમિધ્વારકા | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ખંભાળીયા ( નવી જગ્યા )<br>નવા જીલ્લા સેવાસદનમાં એક મહિના પછી જગ્યા<br>ફાળવવાના છે. |
| ૨૭ | મહેસાણા | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, પહેલોમાળ, બ્લોક –ર<br>જી. મહેસાણા | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, પહેલોમાળ, બ્લોક –ર<br>તા.જી. મહેસાણા | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>નાનો કોઠારી વાસ,ત્રણ પગથીયા પાસે,<br>મુ. તા.**કડી** જી.મહેસાણા |
| | | | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>૨૧, કોમર્શીયલ સેન્ટર, ત્રણ દરવાજા ટાવર પાસે,<br>તા.**વિસનગર** જી.મહેસાણા | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>અશ્વિન ભુવન, નવો કુંભાર વાસ<br>મુ. તા.**વિજાપુર** જી.મહેસાણા |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>ડો. મેમણના દવાખાના , મુ. તા. ખેરાલુ જી.મહેસાણા | |
| ૨૮ | પાટણ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન, બ્લોક નં.૨,<br>જી. પાટણ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>પાટણ (નવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>રમેશ સીમેન્ટ વર્કસ પાસે,સ્ટેસન રોડ,<br>તા.**ચાણસ્મા** જી.પાટણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જુની તાલુકા પંચાયત, તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટર, માલ ગોડાઉનની બાજુમાં<br>મુ. તા.**સિધ્ધપુર** જી.પાટણ | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, લાલબાગ સોસાયટી,<br>મુ.,તા.**રાધનપુર** જી.પાટણ |
| ૨૯ | દાહોદ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન, રૂમ નં.૨૩૧/૨૩૨<br>બીજો માળ, છાપરી, જી. દાહોદ | ૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>દાહોદ કનવી જગ્યા ) જીલ્લા કચેરીમાં બેસે છે.<br>જીલ્લા સેવા સદન, રૂમ નં.૨૩૧/૨૩૨<br>બીજો માળ, છાપરી, જી. દાહોદ | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>રણછોડરાય મંદીર પાસે, પીપલોદ રોડ,<br>મુ.તા.**દેવગઢ બારીયા જી.દાહોદ** |
| 30 | તાપી | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન બ્લોક નં.૧૨ , પાનવાડી, (મુ.મ. વ્યારા ) જી. તાપી. | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જીલ્લા સેવા સદન બ્લોક નં.૧૨ , પાનવાડી,<br>વ્યારા જી. તાપી. | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>મામલતદાર ઓફીસ કમ્પાઉન્ડ ,<br>મુ.તા.વાલોડ, જી. તાપી. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી, નાયબ કાર્યપાલક ઇજનેર, ઝાંખરી નહેર પેટા વિભાગની બાજુમાં, મુ.તા. સોનગઢ જી. તાપી. | |
| ૩૧ | આંહવા-ડાંગ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>જવાહર કોલોની રૂમ નં ૪ સી બ્લોક આંહવા-ડાંગ | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>આહવા ડાંગ ( નવી જગ્યા )<br>જીલ્લા કચેરીમાં બેસે છે. | |
| ૩૨ | ભરૂચ | સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>બહુમાળી મકાન, બ્લોક નં-૧૬,<br>પી,ડબલ્યુ,ડી,ની પાસે ,જી. ભરૂચ. | (૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>બહુમાળી મકાન,બ્લોક નં ૧૬, પી,ડબલ્યુ,ડી,<br>ની પાસે,તા.**ભરૂચ** જી. ભરૂચ | (૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>ધી એગ્રો મારકેટીંગ કમેટી નવા એસ.ટી ડેપો<br>સામે તા **ઝઘડીયા** જી. ભરૂચ |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીનીકચેરી મામલતદાર કચેરી ,કોટેશ્વર રોડ પહેલો માળ<br>રૂમ નં.૨ તા.**જંબુસર** જી. ભરૂચ | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>પ્રભાત સરકારી જીન કંમ્પાઉન્ડ<br>મુ.તા.**વાલીયા** જી. ભરૂચ |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>મામલતદાર કચેરી તા.**વાગરા** જી. ભરૂચ | (૬) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>ત્રણ રસ્તા કાન્તી પટેલ હોલ ની સામે સ્ટેશન રોડ,<br>તા **અકલેશ્વર** જી. ભરૂચ |
| ૩૩ | પાલનપુર જી. બનાશકાંઠા | સરકારી શ્રમ અધિકારીની કચેરી, જોરાવર પેલેસ, કોંટ પાછળ, જી – બનાશકાંઠા | ૧) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>જોરાવર પેલેસ, કોંટ પાછળ, તા.**પાલનપુર** | ૨) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,વડગામ<br>હેડકવાર્ટર–પાલનપુર, જોરાવર પેલેસ, |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જી પાલનપુર -બ.કાં. | કોર્ટ પાછળ, તા.**પાલનપુર** જી પાલનપુર -બ.કાં. |
| | | | (૩) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી,<br>નારાયણ કોમ્પ્લેક્ષ, ૧ લો માળ, મકાન નં.૧૦, મુ. તા.**ડીસા** જી.બ.કા. | (૪) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી ,<br>શિહોરી ગનનાળા સામે કિરણ ટ્રેડસની ઉપર,<br>રતનપુરા રોડ, મુ.તા.**શિહોરી** જી.બનાશકાંઠા. |
| | | | (૫) મદદનીશ સરકારી શ્રમ અધિકારીની કચેરી<br>ઉત્સવ કોમ્પ્લેક્ષ, પ્રથમ માળે દુકાન નં-૬,<br>વિવેકાનંદ ચોક, રેફરલ રોડ, થરાદ જી.બનાસકાંઠા | |